# 'રાધે'... 'રાધે'...

**માધવ મલ્હાર**
**તપન ત્રિવેદી**

'રાધે' 'રાધે' ના જયકારથી આખું વૃંદાવન ગાજતું હતું. વૃંદાવનની પરિક્રમાનો એ જુવાળ હતો. માહોલ હતો. આબાલવૃદ્ધ, દેશી-પરદેશી સૌ જાણે દોટ મૂકી રહ્યાં હતાં. સમસ્ત વૃંદાવનને બાથમાં લઈ લેવાની ખેવના સૌની ગતિમાં છલકાતી હતી. કૃષ્ણને, રાધાને-રાધાકૃષ્ણને મળવાની તાલાવેલી હતી પણ સૌ ઉદ્દઘોષ - જયઘોષ તો 'રાધે' 'રાધે'નો કરતાં હતાં. હું તો એ સૌને જોઈને સ્તબ્ધ-આશ્ચર્યચકિત થઈ ગયો. અતૂટ શ્રદ્ધા, અનન્ય ઉત્સાહ. સૌની ચાલમાં અસાધારણ ગતિ હતી. દિવસ અને રાત. મધરાત અને બીજા દિવસના સૂર્યોદય સુધી લોકો વૃંદાવનના માર્ગ પર ઉઘાડા પગે દોડતાં જ રહ્યાં હતાં. મનમાં, મુખમાં કેવળ 'રાધે' 'રાધે'...

હોળાષ્ટકના એ દિવસો હતો અને વૃંદાવન જવાનો દિવ્ય અવસર પ્રાપ્ત થયો. મને તો કલ્પના પણ નહોતી કે હું વૃંદાવન જઈશ. ગયો અને અલૌકિક દિવ્યાનંદ લઈ પાછો ફર્યો. હું એમ પણ માનતો અને હજી યે માનું છું કે દર્શન થાય કે ન થાય પણ જેતે ભૂમિ પર જવાનો અવસર મળે તો ય ઘણું છે. એ ભૂમિની દિવ્યતા, એનાં અલૌકિક સ્પંદનો આપણા અસ્તિત્વને અડી જાય તે શું ઓછું છે!

મારું મન તો 'રાધે' 'રાધે'ના જયઘોષને જ માણ્યા કરતું હતું. લાગે કે જાણે કયાંય કૃષ્ણનો 'ક' નથી. બધા જ 'રાધે' 'રાધે' કરે. કોઈ અજાણ્યા સાથે નજર મળે કે પાસેથી પસાર થવાનું બને તો ય 'રાધે' 'રાધે' કહેવાનું તો ચૂકે જ નહીં. એટલું જ નહીં કેટલાક તો વળી દંડવત કરતાં કરતાં જાય. પરિક્રમા માર્ગમાં પ્રવેશ કરતાં સૌ આબાલવૃદ્ધ રસ્તામાં ઘૂંટણભેર પડી પ્રણામ કરે, બે હાથ જોડે અને આગળ વધે. યુવાન ભાઈ-બહેનો વિશેષ જોવા મળ્યાં. તેઓને જોઈ મારું મન વિચારે ચડ્યું કે આ શ્રદ્ધા, આ ઉત્સાહ એક ઉદધિ બની માત્ર ભારત જ નહીં, સમસ્ત વિશ્વમાં ફેલાય તો વિશ્વશાંતિ



હાથવેંતમાં જ છે.

'રાધે', 'રાધે'ના જયઘોષ અડધી રાતે નિદ્રામાંથી જાગ્રત કરી દેતા હતા. અરે, આખી રાત 'રાધે' 'રાધે'. જાણે દિવ્ય મહાકુંભ સર્જાયો હતો. કેટલાંક પરદેશીઓનો સ્વાંગ જોઈને થયું કે તેઓ પણ કૃષ્ણકાળના ગોપ-ગોપીઓ જ હશે. જે સમયાંતરે પરદેશમાં જન્મ્યાં હશે કે જઈને વસ્યાં હશે. જે હોય તે તેમનો કૃષ્ણાશ્રય, રાધા પ્રત્યેનો દિવ્ય ભાવ નોંધપાત્ર હતો.

મન વિચારે ચડી જતું કે .

રાધા કૃષ્ણની અંતરંગ શક્તિ છે. રાધા-માધવનું અદ્વૈત જગતને એવો સંદેશ આપે છે કે પરમ તત્ત્વની પ્રાપ્તિ કરવી હોય તો પરમ તત્ત્વ સાથે ભાવાદ્વૈત સાધવો જરૂરી છે. ભાવ વિના ભક્તિ નથી.

ભગવાન ભાવનો ભૂખ્યો છે. ભાવ વિના કર્મ, યોગ, જ્ઞાન, ભક્તિ પરિપૂર્ણ થતાં નથી. માત્ર સંસારીઓ માટે નહીં, સંન્યાસીઓ માટે પણ ભાવ જરૂરી છે. સંન્યાસ પરમની પ્રાપ્તિ માટે સ્વીકાર્યો હોય તો ભાવ વિના સંન્યાસ શુષ્ક બની જાય એમ મારું માનવું છે.

> **રાધાનો માધવ પ્રત્યેનો પ્રેમ, સમર્પણ અને ભક્તિ કેટલાં દિવ્ય અને તીવ્ર હશે કે તેમણે માધવ સાથે અદ્વૈત સર્જ્યું. એ અદ્વૈત  પણ સ્વરૂપાદ્વૈત. બંનેમાં કોઇ ભેદ નહીં. માધવે પણ એના સમર્પણનો, એના પ્રેમનો કેવો સ્વીકાર કર્યો કે તેમણે રાધાને પોતાની આગળ કરી દીધાં. જે આજે હજારો વર્ષો પછી પણ સમયની યમનાના કિનારે એવાં જ જીવંત બની  હિલ્લોળા લે છે. યુગો પછી પણ એ સ્મૃતિઓ એ જ દિવ્યતા સાથે તાજી, લીલીછમ લોકમાનસમાં ઝૂમી રહી છે. આવનારા યુગો સુધી ચિરકાળપર્યંત લોકમાનસમાં એ જીવંત રહેશે**

---

# શ્રુતિ દીક્ષા

**બાઉલ કથા**



**લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ**

પશ્ચિમ બંગાળના માલદા જિલ્લાના ગંગા નદીના કિનારે દિલફેરાઘાટની બાજુમાં બાઉલ તીરોદાસના આશ્રમે અમે બેઠા હતા. ત્યારે મારા મિત્ર મિલને કહ્યું હતું કે આ બાઉલ ખૂબ ઓછું બોલે છે. સાથે રહેલ રુચિરે કહ્યું કે જોઈ લેશું!

રુચિર ડે વર્ષો સુધી બાઉલ પાછળ ઘૂમેલ છે.

મેં પૂછ્યું, ''રુચિર! બાઉલને બોલતો કરવા શું કરીશ?''

તે બોલ્યો કે તેના માટે મારી પાસે બે રામબાણ છે. પહેલું, બાઉલને પૂછવું કે તારા ગુરુ વિશે કંઈક કહે! બીજું, તને દીક્ષા કઈ રીતે મળી? તેમ પૂછવું, આ બે બાબત એવી છે કે જેનાથી બાઉલ અચૂક વાતો એ ચડી જાય!''

અને તે દિવસે એમ જ થયું. રુચિર ડેએ તિરોદાસને પૂછ્યું, ''બાઉલ! તારી દીક્ષા કઈ રીતે થઈ?''

મોટેભાગે મૂંગો રહેતો તિરોદાસ વાતો કરવા લાગ્યો. તે બોલ્યો, ''અમે ત્રણ ગુરુભાઈ હતા. હું રાધુ અને રાજન. ત્રણેયે  સંગીતની સાધના પૂર્ણ કરી હતી. રાધુ મંદિરા, ગોપી યંત્ર વગેરે વગાડવામાં શ્રેષ્ઠ હતો. રાજન ગાયનમાં ખૂબ જ સુરીલો હતો અને આપણા રામ તો ખપ પૂરતું બધું જાણતા! હું સંગીતમાં કે ગીતમાં ખાસ પ્રવીણતા ધરાવતો નહીં.

તે વખતે ગુરુ સંતોષ દાસે કહ્યું કે આવતીકાલે સવારે તમને દીક્ષા આપવાની છે. આજ સાંજથી જ તમારે અનુષ્ઠાનની વિધિમાં રહેવું પડશે. અમે ગુરુની વાત ગંભીરતાથી સાંભળતા હતા.

તેમણે કહ્યું કે આપણા આશ્રમમાં વડનાં ત્રણ ઝાડ છે તમારે ત્રણેય તે અલગ અલગ વડની નીચે, મૌન બેસી અને એકલા જ આખી રાત કાઢવાની છે. તે પછી સવારે મારી પાસે આવી અને દીક્ષા લેવાની છે.

તે રીતે, અમે ત્રણે અલગ અલગ વટવૃક્ષ



નીચે રાત્રી ભર બેઠા. સવારે ગુરુ પાસે પહોંચ્યા.

ગુરુએ, ત્રણેને અલગ અલગ રીતે, એક એકને ઝૂંપડીના અંદરના ખંડોમાં લઈ જઈ, કેટલાક પ્રશ્નો પૂછ્યા. આ રીતે ત્રણેયને પ્રશ્ન પૂછવાની કામગીરી પૂરી થઈ.  મને તો થતું હતું કે આપણા રામ તો બોદા છે! વધુ એક વર્ષ સાધના કરવી પડશે પરંતુ આશ્ચર્ય વચ્ચે ગુરુએ મને દીક્ષા આપવાનું એલાન કર્યું. રાધુ તથા રાજનને એક વર્ષ વધુ સાધના માટે આજ્ઞા કરી. બંને ગુરુભાઈઓની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં.

દીક્ષા આપતા પહેલાં ગુરુએ કહ્યું કે તમને ત્રણેયને જુદાં જુદાં વૃક્ષ નીચે રાતભર બેસવા કહ્યું હતું તે તમારી શ્રુતિ અને સ્વીકારભાવ માટેની કસોટી હતી. જે બંને બાબત બાઉલ માટે ખૂબ જરૂરી છે.  તમને ત્રણેયને મેં સમાન પ્રશ્ન પૂછેલા, આખી રાત્રી દરમિયાન તમે શું સાંભળ્યું? હવે જુઓ, ત્રણેયના જવાબો સાંભળો!

રાધુએ કહ્યું કે આખી રાત તમરાનો અવાજ, વચ્ચે વચ્ચે ક્યારેક ટીટોડીના સૂર સાંભળ્યે રાખ્યા.

રાજને કહ્યું કે આખી રાત ટીટોડી ગાતી હતી અને તમરા તેની સાથે સૂર પુરાવતા હતા.

જ્યારે તિરો બોલ્યો કે ગુરુ, આખી રાત, સાવ ધીમે અવાજે, એક ચકવો એની પ્રિયતમા ચકવીને, 'ચક ચક' અવાજથી બોલાવતો રહ્યો! ચકવી પણ સાથે ધીમા સાદે 'ચક્' અવાજ કાઢી જવાબ આપતી રહી છેક પરોઢ સુધી આ જ સંભળાયું.''

ત્રણેના આ જવાબ સાંભળ્યા પણ તેને દીક્ષા આપી દેવાના નિર્ણય પર પહોંચવાનું કઈ રીતે યોગ્ય તે અમને સમજાયું નહીં. અમારી આ મુંઝવણ પણ ગુરુ કળી ગયા. તેથી આગળ બોલ્યા કે, ''ન સમજાયું? તો સાંભળો! મંદિરા, ડગા અને વાદનમાં પ્રવીણ રાધુએ, પગ ઘસી ઘસી અને આખી રાત અવાજ કરતા તમરાનું વાદન, પોતીકું ગણી સાંભળ્યે રાખ્યું. ક્યારેક ક્યારેક વચ્ચે વચ્ચે ટીટોડીના સૂરને પણ સાંભળ્યા પણ ચકવાચકવીનો મંદ અવાજ તેને કાને ન પડ્યો.

સુરીલા અને સુંદર કંઠના માલિક રાજને કાદવમાં જીવડા શોધતી અને ક્યારેક એક પગે તપનો ડોળ કરતી ટીટોડીને આખી રાત સાંભળી. વચ્ચે તાલ આપતા તમરાને પણ ક્યારેક ક્યારેક માણ્યા પરંતુ અફસોસ કે વિરહી ચકવોચકવી તેના કાને ન પડ્યાં.

આપણા સૂર-સંગીતમાં શિથિલ એવા તિરોએ ન પગ ઘસનાર તમરાને કે ન એક પગે કાદવમાં ઉભેલ ટીટોડીને સાંભળી! તેણે તો ફક્ત અને ફક્ત પ્રિયતમના વિરહમાં સાવ ઝીણે અવાજે પ્રિયતમાને સતત પુકારી રહેલા ચકવાનો અવાજ સાંભળ્યો!

બેટા, જીવન ઘનઘોર રાત્રી છે, મનેર માનુષ અને આપણે, બંને એક ઝાડની અલગ અલગ ડાળ પર બેઠેલા ચકવો અને ચકવી છીએ. આપણા ગીત દ્વારા આપણે મનેર માનુષ રૂપ ચકવાને સતત પુકારવાનો છે અને તેનો વળતો હોંકારો સાંભળવા મથવાનું છે. આ કામ કરતા કરતા જ સવાર પડે, તેની રાહ જોવાની છે. તેના હોકારા સાંભળવામાં સતત આડો આવતો, નિષ્ઠુર પગઘસુ તમરાનો અવાજ અને કાદવ ફંફોસતી ટીટોડીનો તીવ્ર અવાજ પૂરક નથી, અવરોધક છે, તે જાણવાનું છે. હા, તે બંને અવાજો આપણને ઊંઘ ના આવવા દે, તે માટે તેનો આભાર! પણ આપણે સાંભળવાનો તો મનેર માનુષ રૂપ ચકવાનો અવાજ જ છે. માત્ર આ અવાજ જ સાંભળી શક્યો છે માટે તિરોને દીક્ષા આપું છું. તમે બંને તમારા મનમાં દ્રઢ થયેલા માત્ર અને માત્ર સંગીત અને ગીતને ગૌણ ગણી, એક વર્ષ સુધી તેને ઓગાળવા મથામણ કરો.''

> **જીવન ઘનઘોર રાત્રી છે, મનેર માનુષ અને આપણે, બંને એક ઝાડની અલગ અલગ ડાળ પર બેઠેલા ચકવો અને ચકવી છીએ. આપણા ગીત દ્વારા આપણે મનેર માનુષ રૂપ ચકવાને સતત પુકારવાનો છે અને તેનો વળતો હોંકારો સાંભળવા મથવાનું છે**